# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન

# મહાશિવરાત્રિ

## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

### "હું શિવ છું, શિવ સર્વશ્રેષ્ઠ છે"

મહાશિવરાત્રિના ઉપલક્ષમાં આયોજિત સિદ્ધયોગ સત્સંગના સમાપન સમયે, સીધું વિડીઓ પ્રસારણ સમાપ્ત થવાના એકદમ પહેલાં, શ્રીગુરુમાઈએ બધાંને એક સુંદર નિર્દેશ આપ્યો. તેમણે આપણને આ શિખામણનો અનુભવ કરવા માટે કહ્યું, "હું શિવ છું, શિવ સર્વશ્રેષ્ઠ છે."

આ એક એવો વાક્યાંશ હતો જેના પર મારું ધ્યાન તરત જ ગયું કારણ કે તેમાં ગુરુમાઈજીની અને તેમની શીખવવાની રીતની વિશિષ્ટ લાક્ષણિકતા ઝલકાય છે. તે એક સૂત્ર જેવું હતું — રોચક, રહસ્યમય, પ્રજ્ઞાનથી ભરપૂર અને સ્વયંમાં પૂર્ણ.

મને એ વાત ફરીથી યાદ આવી ગઈ કે સિદ્ધયોગ પથ પર આપણી પાસે જે છે, એ બધાં માટે આપણે કૃતજ્ઞ રહીએ. આપણી પાસે સદેહ શ્રીગુરુ છે જેઓ નિરંતર આપણને શિખામણો પ્રદાન કરે છે. આપણાં શ્રીગુરુના મુખમાંથી નીકળેલો એક વાક્યાંશ પણ, જીવન પ્રત્યે આપણા દૃષ્ટિકોણને બદલવાની શક્તિ ધરાવે છે. તેથી એ આપણા પર નિર્ભર કરે છે કે આપણને જે આપવામાં આવ્યું છે, તેનું આપણે સન્માન કરીએ, શ્રીગુરુની શિખામણો પર મનનચિંતન કરીએ અને જે જ્ઞાન આપણને પ્રાપ્ત થાય, તેને જીવનમાં ઉતારીએ.

તેથી મહાશિવરાત્રિનો સત્સંગ થયો ત્યારથી જ હું ગુરુમાઈજીની આ શિખામણ પર વિચાર કરી રહી છું. ભગવાન શિવ સર્વશ્રેષ્ઠ છે, તેનો શું અર્થ છે? "હું શિવ છું, શિવ સર્વશ્રેષ્ઠ છે," આ કહેવાનો શું અર્થ છે? આ શબ્દોમાં નિહિત સત્યનો અનુભવ કરવા માટે, આ શબ્દોને આપણા બોધમાં ધારણ કરવા આટલા લાભદાયક શા માટે છે?

મારા મનમાં જે વાત સૌથી પહેલા આવી તે હતી ભગવાન શિવના અનેક નામ, જેમાંથી કેટલાંક નામોનો ઉલ્લેખ મેં 'શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન'ના અગાઉના ભાગમાં કર્યો છે. સ્પષ્ટપણે કહીએ તો ભગવાન શિવ માટે પ્રયુક્ત સહસ્ર કરતાં પણ વધારે વિશેષણોમાંથી મોટાભાગનાં નામો એ જ દર્શાવે છે કે તેઓ *સર્વશ્રેષ્ઠ* છે. તેઓ 'મહેશ્વર' એટલે કે સર્વેશ્વર છે. તેઓ 'પરમેશ્વર' એટલે કે પરમ દેવ છે. તેઓ 'વિશ્વનાથ' છે, અને 'ઈશાન' એટલે કે મહાશાસક છે, સર્વ જ્ઞાનના અધિષ્ઠાતા છે. તેઓ 'શિવતર' એટલે કે સર્વમંગળકારી કરતાં પણ વધારે મંગળકારી છે.

ભગવાન શિવના ભક્તો આ જ નામોથી તેમનું આવાહન કરે છે, તેમનો મહિમાગાન કરે છે, તેમને પ્રાર્થના કરે છે, તેમના આશીર્વાદો પ્રાપ્ત કરવા યાચના કરે છે. તેથી કેટલાક અંશે આ શબ્દો લોકોની ભક્તિની અભિવ્યક્તિ છે — ભગવાન શિવ સર્વશ્રેષ્ઠ છે, તેમના જેવું મહાન, તેમના જેવું મંગળમય બીજું કોઈ નથી. જો ભગવાન શિવ *તમારા* ઇષ્ટદેવ હોય તો નિઃસંદેહ તમે એવું જ વિચારશો કે તેઓ સર્વશ્રેષ્ઠ છે!

પરંતુ જ્યારે હું આના પર મનન કરી રહી હતી તો મને લાગ્યું કે આ વિષયને વધારે વ્યાપક રીતે જોવું પણ મદદરૂપ રહેશે એટલે કે દાર્શનિક દૃષ્ટિકોણથી વિચાર કરવાથી મદદ મળશે કે જ્યારે ભગવાન શિવની વાત થતી હોય ત્યારે સર્વોચ્ચ શ્રેણી દર્શાવતા *સર્વશ્રેષ્ઠ* શબ્દનો સાચો અર્થ શું હોઈ શકે. ભારતનાં શાસ્ત્રો અનુસાર, ભગવાન શિવ સાક્ષાત્ પરમ ચેતના છે. તેઓ પરમ સત્ય છે. તેમના સિવાય ન તો બીજી કોઈ વસ્તુ છે, ન તો બીજી કોઈ વ્યક્તિ છે, તેથી સ્પષ્ટપણે કહીએ તો તેમના કરતાં વધારે મહાન કે વધારે શ્રેષ્ઠ કંઈ હોઈ જ ન શકે. જે પણ હતું, જે પણ છે અને જે પણ થશે — તેઓ એ બધાંના શુદ્ધ સારતત્ત્વ છે.

હું આના વિશે જેટલો વધારે વિચાર કરું છું, તેટલી જ વધારે આશ્ચર્યચકિત થતી જાઉં છું. આ એક એવું સત્ય છે જે મનને સ્તબ્ધ કરી દે છે અને તેની વ્યાપકતા બ્રહ્માંડ જેટલી છે. આ પણ એક કારણ છે કે હું ગુરુમાઈજીના આ કથન, “હું શિવ છું, શિવ સર્વશ્રેષ્ઠ છે” તરફ આટલી આકર્ષિત થઈ છું. ગુરુમાઈજી આ વિષયને વ્યાવહારિક દૃષ્ટિકોણથી સમજાવે છે. તેઓ તેને સુલભ અને સમજવામાં સરળ બનાવે છે, તેને એવી રીતે સમજાવે છે કે આપણે તેનો અભ્યાસ કરી શકીએ. કોઈ વ્યક્તિ અથવા વસ્તુનું વર્ણન “સર્વશ્રેષ્ઠ” કહીને કરવાનો અર્થ છે, અનૌપચારિક રીતે પ્રેમપૂર્વક કહેવું કે એ કેટલી ઉત્કૃષ્ટ છે. મારો અનુભવ રહ્યો છે કે જ્યારે પણ હું કોઈ પરિચિત વ્યક્તિ માટે આ શબ્દનો પ્રયોગ કરું છું, તો મારા મનમાં તેના માટે સ્નેહની લહેર ઊમડે છે અને હું આત્મીયતાની ઊંડી લાગણી મહસૂસ કરું છું. તે વ્યક્તિ ખરેખર *સર્વશ્રેષ્ઠ* છે. તેનું વર્ણન કરવા માટે બીજા કોઈ શબ્દો પર્યાપ્ત નથી હોતા. બીજા કોઈ શબ્દો સચોટતાથી એ વ્યક્ત નથી કરી શકતા કે તે વ્યક્તિ કોણ છે અને મારા માટે તેનું શું મહત્ત્વ છે.

જ્યારે ગુરુમાઈજી કહે છે, “શિવ સર્વશ્રેષ્ઠ છે,” તો મને લાગે છે કે તેઓ આપણને બતાવી રહ્યાં છે કે આપણે આ બંને પૂરક વાસ્તવિકતાઓને કેવી રીતે જોડી શકીએ છીએ. ભગવાન શિવ મહાનતમ છે, સર્વોપરી છે, તેઓ પરમ સત્ય છે. *આપણી દૃષ્ટિમાં પણ* અને આપણા માટે પણ તેઓ સર્વશ્રેષ્ઠ છે અને તેઓ આપણને એટલા જ પ્રિય છે અને આપણા એટલા જ સમીપ છે જેટલો આપણો પોતાનો અંતરાત્મા.

અને આ વાત મને સત્સંગમાં ગુરુમાઈજીએ જે કથન પ્રદાન કર્યું તેના બીજા ભાગ પર લઈ આવે છે. “હું શિવ છું, શિવ સર્વશ્રેષ્ઠ છે.” હું તો આ શબ્દોને અને તેનું સ્મરણ કરતા રહેવાના અભ્યાસને એક મૈત્રીપૂર્ણ અને પ્રેરણાદાયી પડકાર માનું છું. આપણે ભગવાન શિવના જે ગુણોનું સ્તુતિગાન કરીએ છીએ, એ જ ગુણોને જો આપણે આપણી અંદર પણ જોઈએ તો? અથવા, જો આપણે બસ એટલું માની લઈએ કે આપણે આ ગુણોનો વિકાસ કરવા અને તેને પ્રગટ કરવા સક્ષમ છીએ તો? જો આપણે આપણા માટે એ જ સ્નેહ અને સન્માન મહસૂસ કરીએ જે આપણે એ લોકો માટે કરીએ છીએ જેને આપણે નિઃસંકોચ “સર્વશ્રેષ્ઠ” કહીએ છીએ તો શું થશે?

હું પોતાને એ વિચારતા રોકી નથી શકતી કે જો આપણે બધાં મળીને આવું કરીએ તો આપણે સત્સંગની મુખ્ય શિખામણનું પાલન કરી રહ્યાં હોઈશું. આપણે *માંગલ્યને વધારી* રહ્યાં હોઈશું. જેમકે આપણે ગુરુમાઈજી પાસેથી શીખ્યાં છીએ, શાંતિની શરૂઆત આપણાંથી જ થાય છે, એ વાતાવરણથી થાય છે જેને આપણે આપણી અંદર પોષિત કરીએ છીએ. જો આપણે આપણામાં જે સર્વશ્રેષ્ઠ છે તેના પર વિશ્વાસ કરી શકીએ — જો આપણે આપણા વિશિષ્ટ સ્વભાવમાં, આપણા મનોભાવના ઉતારચડાવમાં, આપણા વ્યક્તિગત ઇતિહાસમાં, વિચારવાની અને કામ કરવાની આપણી વિશિષ્ટ રીતોમાં તેમજ આ બધાંની વચ્ચે રહીને જો આપણે આ સત્યને જોઈ શકીએ કે આપણે કોણ છીએ — તો આપણી આસપાસનાં લોકોમાં જે સર્વશ્રેષ્ઠ છે, તેના પર વિશ્વાસ કરવો એટલું જ વધારે સહેલું થઈ જાય છે. અંતરમાં નિવાસ કરનારા ઈશ્વરને આપણા બાહ્ય જગતમાં પણ વ્યાપ્ત જોવા એટલું જ વધારે સંભવ થઈ જાય છે.

જેમકે આપણે 'ૐ પૂર્ણમદઃ' મંત્રોમાં ગાઈએ છીએ :

ૐ. તે પૂર્ણ છે. આ પૂર્ણ છે.  
પૂર્ણમાંથી પૂર્ણનો ઉદ્‌ભવ થાય છે.  
પૂર્ણમાંથી પૂર્ણ કાઢવામાં આવે તોપણ  
પૂર્ણ જ બાકી રહે છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

હવે જ્યારે આપણે ભગવાન શિવનું આવાહન તેમના સૌથી અલૌકિક રૂપમાં કરી લીધું છે તો હું તમને પૂછવા માગું છું : તમે તમારાં દૈનિક જીવનમાં માંગલ્યને વધારવા માટે કયાં-કયાં પગલાંઓ જાગરૂકતાપૂર્વક લીધાં છે? શું તમે તમારા દિવસ દરમ્યાન, ખાસ કરીને મહાશિવરાત્રિના ઉપલક્ષમાં ગુરુમાઈજી સાથે આયોજિત સત્સંગ પછી, સમય કાઢ્યો છે કે તમે "હું શિવ છું"ના બોધને વિકસિત કરી શકો?

જો હા, તો આ શ્રેષ્ઠ પ્રયાસે તમારી સાધનાને કેવી રીતે રૂપાંતરિત કરી છે? તમારા જીવનમાં જે લોકો છે, શું તેમણે તમારામાં કંઈક અલગ મહસૂસ કર્યું છે? શું તેમણે તમને એ કહ્યું છે કે તમારી સંગતિમાં રહેવું તેમને કેટલું પ્રેરણાદાયી અને જ્ઞાનવર્ધક લાગે છે?

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.